જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૦/૦૬/૨૦૨૩ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૯૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૭૩ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૧૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૯૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૯૯૯/૨૦૨૩

**મણીનગરઃ** કિશોર પરમાનંદદાસ અજવાલીયા (ઉ.વ.૬૯)(રહે.ભગવાન સ્મૃતી બંગ્લોઝ, ભૈરવનાથ બીઆરટીએસ બસ સ્ટેશન સામે, ભૈરવનાથ રોડ, મણીનગર) એ તા.૧૯/૦૬/૨૦૨૩ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૬/૨૦૨૩ રાતના ૮/૦૦ થી તા.૧૯/૦૬/૨૦૨૩ બપોરના ૩/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના ટોઇલેટની જાળી તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી અલગ-અલગ ચીજ વસ્તુઓ કિંમત રૂપિયા ૩૧,૬૫૦/- અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૧,૬૫૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગૌસ્વામી ચલાવે છે.

**સાબરમતીઃ** અજયભાઇ જયંતીલાલ પંચાલ (ઉ.વ.૫૧)(રહે.ક્રિષ્ણા બંગ્લોઝ આનંદ પાર્ટી પ્લોટ રોડ ન્યુ રાણિપ સાબરમતી) એ તા.૧૯/૦૬/૨૦૨૩ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૬/૨૦૨૩ સાંજના ૬/૦૦ થી તા.૧૮/૦૬/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, DELL કંપનીનુ લેપટોપ કિંમત રૂપિયા ૨૫,૦૦૦/-, ત્રણ જોડી પાયલ કિંમત રૂપિયા ૧૫,૦૦૦/-, ચુની નંગ-૭ કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.પી.રાઠોડ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૦૦/૨૦૨૩**

**સરખેજઃ** આસિફભાઇ બરકતભાઇ જસાણી (ઉ.વ.૩૮)(રહે.કલાસીક હોમ્સ, અંબર ટાવર પાસે, સરખેજ-જુહાપુરા રોડ, સરખેજ)એ અગમ્ય કારણોસર તા.૧૮/૦૬/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૧૯/૦૬/૨૦૨૩ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એમ.પઠાણ ચલાવે છે.

**રામોલઃ (૧)** જયેશભાઇ ભરતભાઈ ડોડિયા (ઉ.વ.૩૮)(રહે.માનસરોવર હાઈટ્સ યુનાઈટેડ સ્કુલ સામે રિલાયન્સ પેટ્રોલપંપ પાછળ એસ.પી. રિંગ રોડ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૬/૨૦૨૩ ના કલાક ૨/૦૦ થી સવારના ૯/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મનુભાઇ વિરાભાઇ ચલાવે છે.

**રામોલઃ (૨)** શ્વેતાબહેન નાગરભાઇ પટેલ (ઉ.વ.૩૦)(રહે,કામેશ્વરપાર્ક સોસાયટી મહાદેવનગર ટેકરા વસ્ત્રાલ રોડ) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૬/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે વસ્ત્રાલ રૂદ્ર કોમ્પલેક્ષ ના ત્રીજા માળેથી નીચે પડતુ મુકતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને હેલ્થ વન હોસ્પીટલ ખાતે લાવતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.તડવી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી